ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ માટે, નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭માં સફાઈ કામદારો અને તેમના આશ્રિતોના પુન: સ્થાપન માટે SCW-12, વહીવટી ગ્રાંટ SCW-15 માટે કરવામાં આવેલ બજેટ જોગવાઈ મુજબની પ્રથમ ત્રિમાસિક ગાળાની રકમ નિગમને ફાળવવા બાબત

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક : SJED/GSK/e-file/17/2023/2121/G

સચિવાલય, ગાંધીનગર

તા.ઈ-સાઈન મુજબ

વંચાણે લીધા :

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૬/૦૪/૨૦૨૬ નો ઠરાવ ક્રમાંક: SJED/MSM/e-file/17/2025/2355/G

(૨) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા.૧૮/૦૫/૨૦૨૬ નો પત્ર ક્રમાંક: DSCWG/WRA/e-file/224/2026/1262/M

આમુખ :

આ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક: (૧) પરના તા.૦૬/૦૪/૨૦૨૬ના ઠરાવથી નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગરની SCW-12 સફાઈ કામદારો અને તેમના આશ્રિતોના પુન: સ્થાપન હેઠળ રૂ.૨૯૫૩.૦૦ લાખ તથા SCW-15 વહીવટી ગ્રાંટ હેઠળ રૂ.૨૫૪.૦૦ લાખની ચાલુ બાબતની બજેટ જોગવાઈને વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક: (૨) પરના તા.૧૮/૦૫/૨૦૨૬ ના પત્રથી SCW-12 તેમજ SCW-15 હેઠળ ગ્રાંટની રકમ ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમને ફાળવવા માટે દરખાસ્ત કરવામાં આવેલ છે.

ઠરાવ :

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની વંચાણે લીધેલ: (૨) પરની દરખાસ્ત અન્વયે નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ના પ્રથમ ત્રિમાસિક ગાળા માટે ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગરને SCW-12 તથા SCW-15 હેઠળ ઉપર જણાવેલ કુલ રૂ.૩૨૦૭.૦૦ લાખના ૨૫ ટકા લેખે રૂ.૮૦૧.૭૫ લાખની રકમ ફાળવવા નીચેની શરતોને આધીન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

શરતો :

(૧) વર્ષ ૨૦૨૬-૨૭ની બજેટ જોગવાઈને આધીન રહીને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં રહી ખર્ચ કરવાનો રહેશે.

(૨) જે હેતુ માટે બજેટ જોગવાઈ કરવામાં આવી છે, તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો વખત લાગુ પડતા નિયમો મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) વર્ષના અંતે, જો કોઇ બચત રહે તો, તે પરત કરવાની રહેશે.

(૫) નિગમે હવે પછીની ગ્રાંટ છૂટી કરવાની દરખાસ્ત સાથે જે તે માસના અગાઉના માસના ખર્ચનું માસવાર વિગતવાર પત્રક દરખાસ્ત સાથે રજૂ કરવાનું રહેશે.

(૬) નાણાકીય અનિયમિતતા નિવારવા ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમના પડતર હિસાબો અંગેની કામગીરી સત્વરે પૂર્ણ કરાવવાની રહેશે.

(૭) નિગમને હવાલે મૂકેલ ગ્રાન્ટની રકમ પૈકી જેટલી ગ્રાન્ટ નિગમ પાસે વણવપરાયેલ રહેલ હોય તેને PD-PLA અકાઉન્ટમાં જમા / તબદિલ કરવાની રહેશે.

આ અંગેનો ખર્ચ વિભાગના માંગણી ક્રમાંક : ૯૫, ૨૨૨૫-૦૧-૧૦૨-૦૨-SCW 12 અને માંગણી ક્રમાંક :૯૫, ૨૨૨૫-૦૧-૧૯૦-૦૨-SCW 15 હેઠળ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સમાન ક્રમાંકની ઈ-ફાઈલ પર નાણાં વિભાગની તા.૦૯/૦૬/૨૦૨૬ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

e-SD/-

(સંતોષ વસાવા)

સેક્શન અધિકારી

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ગુજરાત સરકાર

પ્રતિ,

- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ, કર્મયોગી ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- સેક્શન અધિકારીશ્રી(બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય.
- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ
- સિલેકટ ફાઇલ

Signature Not Verified

Signed by:SantoshKumar Sureshbhai Vasava
Section Officer
Date:2026.06.12 17:18:28 +5:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign